# પરમાણુ સક્ષમ અગ્નિ-૩ મિસાઈલનુ સફળ પરીક્ષણ

## મિસાઇલ ૩૦૦૦ કિમી સુધી ત્રાટકવામાં સક્ષમ : પરીક્ષણ સમયે ટોચના સંરક્ષણ નિષ્ણાત હાજર

ભુવનેશ્વર,તા, ૧૬

ભારતે આજે પરિમાણુ સક્ષમ અગ્નિ-૩ મિસાઈલનુ સફળ પરીક્ષણ કર્યુ હતુ. આ મિસાઈલ ૩૦૦૦ કિલોમીટરરની રેંજ ધરાવે છે. અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ઓરિસ્સામાં બેઝથી મિસાઈલનુ પરીક્ષણ કરવામાં આવ્યું હતુ. ભુવનેશ્વરથી આશરે ૨૦૦ કિલોમીટરના અંતરે સ્તિત ભાદરક જિલ્લામાં ધમરા દરિયાકાઠાથી મિસાઈલનુ પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ઈનર વીલર આઈલેન્ડ ખાતે લોંચ સંકુલ પરથી ભૂમિથી ભૂમિમાં પ્રહાર કરવાની ક્ષમતા ધરાવનાર મિસાઈલનુ પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. અગ્નિ-૩ મિસાઈલ ૧.૫ ટન સુધી વોરહેડ લઈને ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. આ મિસાઈલની લંબાઈ ૧૬ મીટરની છે. અને વજન ૪૮ ટનની આસપાસ છે. આ મિસાઈલ બે તબક્કામાં સોલિડ પ્રોપલેન્ટ સિસ્ટમ ધરાવે છે. તે વાતાવરણમાં વધારે ઝડપથી પ્રવેશી શકે છે. અગ્નિ-મિસાઈલ રેલ મોબાઈલ સિસ્ટમ સક્ષમ મિસાઈલ છે. ભારતમાં કોઈપણ જગ્યાએથી આ મિસાઈલને લોંચ કરવામાં આવી શકે છે. આજે મિસાઈલનુ પરીક્ષણ કરવામાં આવ્યુ ત્યારે તમામ સંબંધિત ટોપ લોકો હાજર રહ્યા હતા. અગ્નિ-૩ મિસાઈલ તમામ નવી ટેકનોલોજી ધરાવે છે. પરીક્ષણ કરતા પહેલા તેના તમામ પરિબળોમાં ચકાસણી કરવામાં આવી હતી. અગ્નિ-૩ મિસાઈલ ભારતમાં સિમાઈલ શ્રેણીના ભાગરૂપે છે. ભારતે પરીક્ષણ એવા સમય કર્યું છે જ્યારે પાકિસ્તાને ગઈકાલે પરીક્ષણ કર્યુ હતુ. ભારત ધીમે ધીમે તેની સંરક્ષણ તાકાતને વધારી રહ્યું છે.

ટેસ્ટ રેંજના ડિરેક્ટર એમવીકે પ્રસાદે કહ્યું હતું કે, પરીક્ષણ સંપૂર્ણપણે સફળ રહ્યું છે. અગ્નિ-૩ મિસાઈલનું સફળ પરીક્ષણને લઈને હાલમાં ચર્ચા ચાલી રહી હતી. પાકિસ્તાને ગઈકાલે જ પરીક્ષણ કર્યું હતું. મોબાઈલ લોન્ચરથી સવારે ૯.૫૨ વાગે આનું પરીક્ષણ સ્ટ્રેટેજિક ફોર્સ કમાન્ડ દ્વારા કરાયું છે. યુઝર માટે રેગ્યુલર ટ્રેનિંગ કવાયતના ભાગરુપે આ પરીક્ષણ ચાલી રહ્યા છે. એસએફસી સ્ટ્રેટેજિક વેપન્સ સિસ્ટમ હાથ ધરે છે. ઓટો લોંચ માટે કમાન્ડ હાથ ધરાયા બાદ આનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના સુત્રોએ કહ્યું છે કે, મિશનના તમામ ઉદ્દેશ્યોને હાસલ કરવામાં આવ્યા છે. જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે, અગ્નિ-૩ ખુબ જ અતિઆધુનિક અને તેના ક્લાસમાં ચોક્કસ ત્રાટકવાની ક્ષમતા ધરાવતી મિસાઈલ છે. સશસ્ત્ર દળોમાં પહેલાથી જ આ મિસાઈલ સામેલ કરવામાં આવી ચુકી છે. ૨૨૦૦૦ કિલોગ્રામનું વજન ઓપરેશન વજનમાં રહેલું છે. યુનિટ ખર્ચની વાત કરવામાં આવે તો ૨૫૦ મિલિયન અથવા તો ૨૫ કરોડથી વધુનો ખર્ચ રહ્યો છે.



# રાહુલની વાપસીથી કોંગ્રેસી કાર્યકરોમાં ખુશીનો માહોલ



નવીદિલ્હી,તા. ૧૬

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી ૫૭ દિવસ સુધી દૂર રહ્યા બાદ આખરે પરત ફરતા કોંગ્રેસના કાર્યકરોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. કાર્યકરોએ ફટાકડા ફોડીને ઉજવણી કરી હતી. તેમના ૧૨, તુગલગ રોડ નિવાસસ્થાને રાહુલ પહોંચતા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પક્ષના કાર્યકરોને આ અંગે માહિતી મળતા ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા બે મહિનાથી રાહુલ ક્યાં છે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ રહી હતી. કોંગ્રેસના કાર્યકરોને પણ આ અંગે માહિતી ન હતી. પક્ષને મજબૂત કરવાના ઈરાદાથી હાલમાં તેઓ આત્મમંથન કરી રહ્યા હતા. કોંગ્રેસના કાર્યકરો આજે રાહુલ આવતા જ ઉજવણી પર ઉતરી આવ્યા હતા. ફટાકડા ફોડવામાં આવ્યા હતા. રાહુલના આવાસની બહાર પણ કાર્યકરો ભેગા થયા હતા. પ્રિયંકા ગાંધી અને સોનિયા ગાંધી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. જો કે, રાહુલ હવે કઇ જવાબદારી સોંપવામાં આવશે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ દેખાઈ રહી છે.

# ગ્લોબલ સીઈઓ પગારની યાદીમાં સત્ય નાડેલા પ્રથમ

ન્યુયોર્ક,તા. ૧૬

વિશ્વમાં સૌતી વધારે પગાર લેનાર સીઇઓ કઇ કંપનીના છે અને કોણ છે તેને લઇને સામાન્ય લોકોમાં હમેંશા ઉત્સુકતા રહે છે. દર વર્ષે યાદીમાં ફેરફાર થાય છે. આ વખતે પણ ધારણા પ્રમાણે જ સૌથી વધારે પગાર મેળવનાર સીઇઓ ગયા વર્ષે જે હતા તેના કરતા અલગ છે. નવેસરના અહેવાલમા દાવો કરવામાં આવ્યો છે કે ટોપ ગ્લોબલ સીઇઓની પગાર યાદીમાં આ વખતે સત્ય નાડેલા પ્રથમ ક્રમાંકે છે. એક વર્ષમાં ૫૨૪ કરોડ અથવા તો ૮૪.૩ મિલિયન ડોલરના પગાર પેગાર સાથે ટેકનોલોજી મહાકાય કંપની માઇક્રોસોફ્ટના ભારતીય મુળના ચીફ સત્ય નાડેલા છે. તેઓ યાદીમાં પ્રથમ ક્રમાંકે છે. અમેરિકામાં સૌથી વધારે પગાર પણ તેઓ જ મેળવી રહ્યા છે. અમેરિકાની કંપનીઓને આવરી લઇને કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની વાત સપાટી પર આવી છે. આ યાદીમાં ગયા વર્ષે પ્રથમ ક્રમાંક પર રહેલા ઓરાક્લના લેરી એલિસન હવે બીજા ક્રમાંકે છે. નાડેલાએ તેમને પાછળ છોડી દેવામાં સફળતા મેળવી છે. ભારતીય મુળના અન્ય એક ઇન્દ્રા નુઇ જે પેપ્સી કોમાં સીઓિ છે તેઓ ૧૯.૦૮ મિલિયન ડોલરના પગાર સાથે યાદીમાં ૧૯માં સ્થાને છે.

ટોપના વેપારી વારેન બફેટ યાદીમાં અંતિમ સ્થાને એટલે કે ૧૦૦માં ક્રમાંકે ચે. ઇલિસન ૬૭.૩ મિલિયન ડોલરની સાથે બીજા ક્રમાંકે છે. જ્યારે સ્ટેવન ત્રીજા ક્રમાંકે છે. ટોપ ટોનની વાત કરવામા આવે તો યાદીમાં રોબર્ટ ઇગર, લેરી માર્લો , રુપર્ટ મુર્ડોક, ડબલ્યુ જેમ્સ, જેમ્સ ગોર્મન, ડેવિડ કોટનો સમાવેશ થાય છે. ભુતકાળમાં જે સ્થિતી હતી તેની સરખામણીમાં સ્થિતી હવે બદલાઇ ગઇ છે. નાડેલાની ચર્ચા સમગ્ર વિશ્વમાં પગારને લઇને જોવા મળે છે.

## વન ટાઈમ બોનસની ટીસીએસની ઘોષણા

નવી દિલ્હી,તા. ૧૬

આઈપીઓની ૧૦ વર્ષગાંઠના પ્રસંગે મહાકાય કંપની ટીસીએસો તોના કર્મચારીઓને ૨૬૨૮ કરોડ રૂપિયાના વન ટાઈમ બોનસની જાહેરાત કરી છે. સાથે સાથે વન ટાઈમ બોનસ તરીકે દર વર્ષે એક સપ્તાહનો પગાર સ્ટાફને ચુકવવામાં આવશે. ટીસીએસના સીઈઓ અને એમડી એન ચંદ્રશેખરને કહ્યું છે કે, કર્મચારીઓ દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાને ધ્યાનમાં લઈને આ ખાસ ઈનામ આપવામાં આવનાર છે. ટીસીએસને સૌથી પ્રતિષ્ઠિત કંપની બનાવવામાં અને માર્કેટ મૂડીની દૃષ્ટિએ પ્રથમ ક્રમાંકે પહોંચાડવામાં ભૂમિકા અદા કરનાર કર્મચારીઓને ઈનામ આપવામાં આવી રહ્યું છે. ટીસીએસના પરિણામો ઉપર પણ હવે નજર કેન્દ્રિત થઈ ગઈ છે જે જાહેર કરવામાં આવનાર છે. ટીસીએસના શેરમાં આજે જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. ટીસીએસના પરિણામો ઉપર પણ છેલ્લા ઘણા સમયથી નજર કેન્દ્રિત રહી છે.

# ૩૧ વધુ દેશના લોકોને હવે ઈ- ટ્યુરિસ્ટ વીઝા : સરકાર

નવી દિલ્હી,તા. ૧૬

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર હવે ઇ-ટ્યુરિસ્ટ વીઝા સ્કીમના ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહી છે. આના ભાગરૂપે હવે વધુ ૩૧ દેશોને આ સુવિધા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાથે સાથે ૧૫મી જુનના દિવસથી સાત વધુ વિમાનીમથકે આ સુવિધાનો લાભ લેવા માટે વિદેશી પ્રવાસીઓને મંજૂરી આપી દીધી છે. નવેસરની યોજનાના કારણે જે દેશોના પ્રવાસીઓ આ સ્કીમનો લાભ લઇ શકશે તેમાં બ્રિટન, સ્પેન, નેધરલેન્ડ, પોર્ટુગલ, મલેશિયા, તાન્ઝાનિયા અને આર્જેન્ટિનાનો સમાવેશ થાય છે. જ્યારે જે સાત નવા વિમાનીમથકો ઉમેરી દેવામાં આવ્યા છે તેમાં જયપુર, અમૃતસર, ગયા, લખનૌ, તૃચિ, વારાણસી અને અમદાવાદનો સમાવેશ થાય છે. આ તમામ વિમાનીમથકથી વિદેશી પ્રવાસીઓને ઇ-ટ્યુરિસ્ટ વીઝા મળી શકશે. વિદેશી પ્રવાસીઓની મોટી સંખ્યાને દ્યાનમાં લઇને આ વિમાનીમથકનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઇ-વીઝા સ્કીમ હાલમાં ૪૫ દેશોને આવરી લે છે તેમાં હવે બીજા દેશો ઉમેરાઇ રહ્યા છે. જુન સુધી આ સ્કીમના વિસ્તરણની સાથે આ યાદી હવે ૭૬ દેશોની થઇ જશે. સાથે સાથે કુલ વિમાનીમથકની સંખ્યા વધીને ૧૬ થઇ જશે. ઇ-વીઝા સુવિધા મેળવવા માટે હવે નવા દેશો સામેલ થઇ જશે. જેમાં અર્મેનિયા, અરુબા, બેલ્જિયમ, કોલંબિયા, ક્યુબા, હંગેરી, આયરલેન્ડ, જમૈકા, માલ્ટા, મોંગોલિયા, મોઝામ્બિક, પનામા, પેરુ, પોલેન્ડ, સ્લોવેનિયા, સેન્ટ લુસિયા, સેન્ટ વિન્સેટ, સુરિનામ, સ્વીડન, ઇસ્ટ ટિમોર, તુર્કસ આઇલેન્ડ, ઉરુગ્વે અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે. નાણાં પ્રધાન અરૂણ જેટલીએ બજેટ રજૂ કરતી વેળા આ સ્કીમને કુલ ૧૫૦ દેશો સુધી લંબાવવાની જાહેરાત કરી હતી. સરકાર ખુબ ઝડપથી દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. જે દર્શાવે છે કે સરકાર યોગ્ય દિશામાં આગળ વધે છે.

# સમગ્ર કેનેડા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રંગમાં રંગાયું

ટોરેન્ટો,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણ દેશોના તેમના ઐતિહાસિક પ્રવાસના અંતિમ તબક્કામાં કેનેડામાં પણ હવે જોરદાર રંગ જમાવ્યો છે. કેનેડામાં તમામ લોકો મોદીના રંગમાં રંગાયેલા નજરે પડ્યા હતા. કેનેડાની યાત્રા ઉપર પહોંચેલા મોડી આજે ટોરેન્ટોમાં ભારતીય સમુદાયના કાર્યક્રમમાં કહ્યું હતું કે, અમે ભારતની ઈમેજને સ્કેમ ઈન્ડિયાથી બદલીને સ્કીલ ઈન્ડિયાની બનાવવા ઈચ્છુક છીએ. તેમણે ઉમેર્યુ હતું કે, ભારતમાં વિશ્વાસનો માહોલ સર્જાઈ ગયો છે. યુવા શક્તિના દમ ઉપર અમે દરેક ચીજ હાસલ કરવાની સ્થિતિમાં છે. પોતાના સંબોધનમાં મોદીએ ફ્રાંસ અને કેનેડાની યાત્રામાં મેળવેલી બે સૌથી મોટી સિદ્ધિઓની પણ વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, ૧૦ મહિના પહેલા સત્તા સંભાળી લીધા બાદથી દેશમાં હવે વિશ્વાસનો માહોલ જોવા મળી રહ્યો છે. તેમણે ઉમેર્યુ હતું કે, ભારત વિશાળ દેશ છે. ભારતનો હવે સ્વચ્છ બનાવવાનો સમય આવી ગયો છે. જુની સમસ્યાને દૂર કરવાનો સમય છે. અમા સમય લાગશે પરંતુ આ પરિવર્તન લોકોમાં ચોક્કસપણે જોઈ શકાશે. તેમણે ઉમેર્યુ હતું કે, ભારત ગ્લોબલ ગ્રોથના ભાગરુપે વર્કફોર્સ ઉપલબ્ધ કરાવવાની સ્થિતિમાં રહેનાર છે. વિશ્વના વિકસિત દેશો વૃદ્ધ થઈ ચુક્યા છે ત્યારે ભારતમાં યુવા લોકો છે. આવી સ્થિતિમાં વિશ્વનું નેતૃત્વ કરવા માટે ભારત તૈયાર છે. ભારતમાં તમામ ક્ષમતા રહેલી છે. માત્ર તકની જરૂર છે. મોદીએ અગાઉની સરકારો ઉપર પ્રહાર કરતા પરોક્ષરીતે કહ્યું હતું કે, જિનકો ગંદગી કરની થી વો ગંદગી કરકે ચલે ગયે હમ સફાઈ કરકે જાયેંગે. ભારતની વાત કરતા તેમણે કહ્યું હતું કે, અમારુ મિશન સ્કીલ ઈન્ડિયાનું છે. ૧૦ હજારથી પણ વધારે ભારતીય સમુદાયના લોકોને સંબોધતા મોદીએ હિન્દીમાં પોતાના





અસલ અંદાજમાં વાત કરી હતી અને દરેક મુદ્દા ઉપર વાત કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભારત ચાર પ્રકારની ક્રાંતિ લાવવાની ઈચ્છા ધરાવે છે. ભારત હંમેશા મેગાવોટની વાત કરે છે પરંતુ હવે અમે ગિગાવોટની વાત કરી રહ્યા છીએ.

અગાઉ સરકાર ૩૫૦ રૂપિયામાં એલઈડી બલ્બ ખરીદી રહી હતી. અમે માત્ર ૮૫ રૂપિયામાં આની ખરીદી કરી રહ્યા છે જે સરકારની કુશળતા અને પારદર્શકતા સાબિત કરે છે. મોદીએ કહ્યું હતું કે, ફ્રાંસ અને કેનેડામાં મોટા નિર્ણય લેવામાં આવ્યા છે. ન્યુક્લિયર એનર્જી માટે દુનિયાભરથી રિએક્ટરની માંગ કરતા હતા પરંતુ દરેક દેશ ભારતને આ સુવિધા આપવાનો ઈન્કાર કરી રહ્યો હતો. કોઈ રિએક્ટર આપવાની સ્થિતિમાં ન હતા. તેમને એવું લાગતું હતું કે, ભારત આના મારફતે બોંબ બનાવશે પરંતુ હવે ભારતને રિએક્ટર માટે કોઈની સામે ફેલાવવાની જરૂર નથી. આ વખતે ફ્રાંસની કંપની સાથે એક સમજૂતિ થઈ છે જે રિએક્ટર બનાવવામાં ભારતની મદદ કરશે. રિએક્ટર માટે યુરેનિયમ કેનેડા મારફતે મળશે. કેનેડામાં વડાપ્રધાનના કાર્યક્રમમાં કેનેડાના વડાપ્રધાન હાર્પર પણ ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ કહ્યું હતુ કે, રાષ્ટ્રપતિ કલામ કહેતા હતા કે, અખબારોમાં પોઝિટિવ સમાચારો લખવા જોઈએ અને આ વાત હવે શક્ય બની છે. દેશની સૌથી મોટી સંપત્તિ તેના યુવાનો છે. ૮૦ કરોડ યુવા, કરોડો સપના અને ૧૬૦ કરોડ સક્ષમ હાથ જેની પાસે છે તે જ વિશ્વના નકશાને બદલવાની ક્ષમતા ધરાવે છે. આવી ક્ષમતા ધરાવનાર દેશ કઈ બાબત હાસલ ન કરી શકે. પોતાની સરકારની વાત કરતા તેમણે કહ્યું હતુ કે છેલ્લા ૧૦ વર્ષમાં દરરોજ બે કિલોમીટર માર્ગનું નિર્માણ થતું હતું જેની સામે હવે છેલ્લા ૧૦ મહિનાથી દરરોજ ૧૧ કિલોમીટર માર્ગનું નિર્માણ થઈ રહ્યું છે.

# આશરે ૧૨ કંપનીમાં હિસ્સો વેચવા ભાજપ સરકાર તૈયાર

નવી દિલ્હી,તા. ૧૬

કેન્દ્ર સરકાર ડિસઇન્વેસ્ટમેન્ટની દિશામાં ઝડપથી આગળ વધવાની યોજના ધરાવે છે. સરકાર ૧૨ પીસયુમાં હિસ્સેદારી વેચવા માટે વિચાર રહી છે. શેરબજારમાં હાલ તેજી જામેલી છે. જાણકાર નિષ્ણાંતો માને છે કે સરકાર આ સમયમાં ડિસઇનવેસ્ટમેન્ટની દિશામાં આગળ વધશે તો તેનો સીધો ફાયદો મળશે. સાથે સાથે રોકાણકારોને પણ ફાયદો થઇ શકે છે. સરકાર કોલ ઇન્ડિયામાં હિસ્સેદારી ઘટાડી દેવાના ભાગરૂપે વધુ એક તબક્કામાં શેરનુ વેચાણ કરવા વિચારી રહી છે. દેશની સૌથી મોટી કોલસા ઉત્પાદક કંપની કોલ ઇન્ડિયામાં સરકારની હિસ્સેદારી આશરે ૮૦ ટકા છે. માર્કેટ રેગ્યુલેટર સેબીના નિયમો મુજબ શેરબજારમાં લિસ્ટેટ કંપનીઓમાં જનતાની હિસ્સેદારી ઓછામાં ઓચી ૨૫ ટકા હોવી જોઇએ. જેથી સરકારને આ નિયમોને પાળવા માટે હજુ પણ કોલ ઇન્ડિયામાં એક ટકા કરતા વધારે શેર વેચવા પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે સરકારે આ વર્ષે જાન્યુઆરીમાં કોલ ઇન્ડિયાં પોતાની ૧૦ ટકા હિસ્સેદારી વેચીને ૩.૬ અબજ ડોલર એકત્રિત કર્યા હતા. ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન સરકાર ` જાહેર ક્ષેત્રની કંપનીઓમાં તેની હિસ્સેદારી વેચીને ૪૧ હજાર કરોડ રૂપિયા ઉભા કરવા માંગે છે. આ ઉપરાંત ૨૮ હજાર ૫૦૦ કરોડ રૂપયા રણનિતીક વેચાણ મારફ્તે ઉભા કરવાની સરકારની યોજના છે. આ વર્ષ દરમિયાન સરકાર નેશનલ ફર્ટિલાઇજર્સ, એમએમટીસી, ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન, ઇન્ડિયન ટ્યુરિઝમ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન, રાજ્ય વેપાર નિગમ, હિન્દુસ્તાન કોપર લિમિટેડ અને અન્ય કંપનીઓમાં હિસ્સેદારી વેચવાની યોજના ધરાવે છે. આ તમામ કંપનીઓમાં સરકાર પાંચ ટકાથી લઇને ૧૫ ટકા ઇક્વિટી વેચીને ૪૧ હજાર કરોડ ઉભા કરવા માટે ઇચ્છુક છે.જે મોટા પડકાર સમાન છે.

## રાજનાથસિંહે ૫૦૬ કરોડ રૂપિયા ખેડૂતોમાં વહેંચી કાઢવા ઉત્તરપ્રદેશ સરકારને આદેશ કર્યો

સહારનપુર,તા. ૧૬

ખેડૂતોની આત્મહત્યાના બનેલા કેસો અંગે ચિંતા વ્યક્ત કરતા કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે ૫૦૬ કરોડ રૂપિયા તાત્કાલિક ધોરણે ખેડૂતોમાં વહેંચી કાઢવા ઉત્તરપ્રદેશ સરકારને આદેશ કર્યો હતો. ડિઝાસ્ટર રિલીફ ફંડ હેઠળ રાજ્યને આપવામાં આવેલા ૫૦૬ કરોડ રૂપિયા ખેડૂતોમાં વહેંચવાનો આદેશ કરવામાં આવ્યો છે. રાજ્યમાં કમોસમી વરસાદ અને બરફના કરા પડવાના કારણે પાકને ભારે નુકસાન થઈ ચુક્યું છે. કેટલાક અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ ચુકેલા પ્રધાને કહ્યું હતું કે, આ મુદ્દે કોઈ રાજનીતિ થવી જોઈએ નહીં. કેન્દ્ર સરકાર મુશ્કેલમાં મુકાયેલા ખેડૂતોની મદદ કરવા માટે રાજ્ય સરકારની સાથે છે. તેને પુરતી મદદ કરવામાં પણ આવશે. ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી રાજનાથસિંહે ખેડૂતોની મદદ કરવા માટે રાજનીતિ છોડીને એક સાથે આવવા તમામને અપીલ કરી હતી. ગૃહમંત્રીએ કહ્યું હતં કે, તેઓ ખેડૂતના પુત્ર છે જેથી તેમની સમસ્યાઓને સારી રીતે સમજે છે.

# કટ્ટરપંથી મસરતની ફરીવાર ધરપકડ થાય તેવી સંભાવના


નવી દિલ્હી,તા. ૧૬

પાકિસ્તાની ધ્વજ જમ્મુ કાશ્મીરમાં લહેરાવવા અને ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરવાને લઈને જોરદાર હોબાળો મચેલો છે. કટ્ટરપંથી નેતા મસરત અલમ સામે કઠોર પગલા લેવા જમ્મુ કાશ્મીર સરકાર ઉપર કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષો દ્વારા દબાણ વધારવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકાર ઉપર પણ દબાણ વધી રહ્યું છે. ગઈકાલે લાલ ચોકમાં રેલી દરમિયાન ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. કટ્ટરપંથીઓના પગલા બાદ હવે મસરતની ફરી ધરપકડના ભણકારા વાગી રહ્યા છે. કારણ કે કેન્દ્ર સરકારે શ્રીનગરના પરા વિસ્તારમાં મસરત દ્વારા આયોજિત રેલી દરમિયાન ભારત વિરોધી પ્રવૃત્તિમાં સામેલ રહેલા તમામ લોકો સામે કઠોર પગલા લેવા જમ્મુ કાશ્મીર સરકારને આદેશ આપી દીધો છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ લાલઘૂમ દેખાઈ રહ્યા છે. ગઈકાલે મોડી રાત્રે જ રાજનાથસિંહે મુખ્યમંત્રી મુફતી સાથે વાતચીત કરી હતી અને સ્પષ્ટતા કરી હતી કે, રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દા ઉપર કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. મુખ્યમંત્રીએ રેલી દરમિયાન જે બન્યું તે અંગે માહિતી આપી હતી. સિંહે સઈદને એમ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે, રાષ્ટ્ર વિરોધી ગતિવિધિને કોઈ કિંમતે ચલાવી લેવામાં આવશે નહીં. બીજી બાજુ ગૃહરાજ્યમંત્રી કિરેન રિજ્જુએ ખાતરી આપી હતી કે, જમ્મુ કાશ્મીર સરકાર મસરત અલમના મુદ્દા ઉપર વાતચીત કરશે. ભારત વિરોધી પ્રવૃત્તિને આગળ વધારવામાં આવશે તો નક્કર પગલા લેવામાં આવશે. જમ્મુ કાશ્મીર સરકાર હજુ સુધી આ મુદ્દે ઉદાસીન રહી છે. પાંચ વર્ષના ગાળા બાદ જમ્મુ કાશ્મીર સરકારે ગઈકાલે રેલી યોજવા ગિલાનીને મંજુરી આપી હતી. જ્યાં મસરત અલમ અને તેમના સમર્થકોએ પાકિસ્તાન તરફી સૂત્રોચ્ચાર કર્યા હતા અને પાકિસ્તાની ધ્વજ લહેરાવ્યા હતા. જમ્મુ કાશ્મીરની હાલમાં જ ભાજપ-પીડીપી સરકાર આવ્યા બાદ અલમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. ૨૦૧૦ બાદ ગિલાનીની પણ પ્રથમ જાહેર રેલી હતી. ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરાતા ભારે હોબાળો મચેલો છે.

## ઓલા કંપનીની બે-ત્રણ સ્તરીય શહેરો પર નજર

નવી દિલ્હી,તા. ૧૬

એપ સ્થિત ટેક્સી સેવા ઉપલબ્ધ કરાવનાર ઓલાએ આજે કહ્યું હતું કે, ડીએસટી ગ્લોબલના નેતૃત્વમાં મૂડીરોકાણકારો પાસેથી ૨૫૦૦ કરોડ રૂપિયા ઉભા કરાયા અથવા તો ૪૦૦ મિલિયન ડોલર ઉભા કરવામાં આવી ચુક્યા છે. હવે તેની નજર ભારતમાં નાના શહેરો ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે.



આ રાઉન્ડની સાથે કંપનીએ ૮૦૦ મિલિયન ડોલર ઉભા કર્યા છે. ઓક્ટોબર મહિનામાં કંપનીએ જાપાનની સોફ્ટ બેંકના નેતૃત્વમાં રોકાણકારોના ગ્રુપ પાસેથી ૨૧૦ મિલિયન ડોલર ઉભા કર્યાહતા. ૨૦૦ શહેરો સુધી હવે તોની સેવા પહોંચાડવાની યોજના છે. કેબ ડ્રાઈવરોના બેઝને વધારવાની પણ યોજના છે. જુદી જુદી સ્કીમ મારફતે આ કેબ ડ્રાઈવરોને જાળવી રાખવામાં પણ આવશે. એક વર્ષ અગાઉ તેની સેવા ૧૦ શહેરોમાં હતી જે હવે ૧૦૦ શહેરોમાં ફેલાવી દેવામાં આવી છે.

## દેશમાં નવો ઉત્સાહ : મોદી

ઓટ્ટાવા,તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણ દેશોના તેમના ઐતિહાસિક પ્રવાસના અંતિમ તબક્કામાં કેનેડામાં પણ હવે જોરદાર રંગ જમાવ્યો છે. કેનેડામાં તમામ લોકો મોદીના રંગમાં રંગાયેલા નજરે પડ્યા હતા. કેનેડાની યાત્રા ઉપર પહોંચેલા મોડી આજે ટોરેન્ટોમાં ભારતીય સમુદાયના કાર્યક્રમમાં કહ્યું હતું કે, અમે ભારતની ઈમેજને સ્કેમ ઈન્ડિયાથી બદલીને સ્કીલ ઈન્ડિયાની બનાવવા ઈચ્છુક છીએ. તેમણે ઉમેર્યુ હતું કે, ભારતમાં વિશ્વાસનો માહોલ સર્જાઈ ગયો છે. યુવા શક્તિના દમ ઉપર અમે દરેક ચીજ હાસલ કરવાની સ્થિતિમાં છે. મોદીએ ટોરેન્ટોના રિકો કોલેઝિયમમાં સંબોધનમાં શું કહ્યું તે નીચે મુજબ છે.

- દેશમાં નવો ઉત્સાહ અને વિશ્વાસનો માહોલ જોવા મળી રહ્યો છે
- ભારતના લોકો નવી આશા સાથે આગળ વધી રહ્યા છે
- ભારતની ઈમેજને સ્કેમ ઈન્ડિયાથી બદલીને સ્કીલ ઈન્ડિયા કરાશે
- ભારતની યુવા શક્તિના દમ ઉપર વિશ્વનું ધ્યાન કેન્દ્રિત થયું છે
- અખબારોમાં હકારાત્મક સમાચારો પ્રસિદ્ધ કરવામાં આવે તે પણ જરૂરી છે
- ભારતની તમામ સમસ્યાઓનો એક જ ઉકેલ છે અને તે છે વિકાસ
- ભારતની અંદર ક્ષમતા છે માત્ર તકની જરૂર છે
- દેશની સૌથી મોટી સંપત્તિ તેના યુવાનો છે
- જે દેશની પાસે ૮૦ કરોડ યુવાનો, કરોડો સપના અને ૧૬૦ કરોડ હાથ હોય તે દેશ શું ન કરી શકે
- છેલ્લા ૧૦ વર્ષમાં દરરોજ બે કિલોમીટર માર્ગ નિર્માણ થઈ રહ્યું હતુ જેની સામે હવે છેલ્લા ૧૦ મહિનામાં દરરોજ ૧૧ કિમી માર્ગનું નિર્માણ થઈ રહ્યું છે
- ગંદગીને દૂર કરવાનો સમય આવી રહ્યો છે
- આવનાર સમયમાં ભારત વિશ્વને વર્કફોર્સ ઉપલબ્ધ કરાવશે
- અગાઉની સરકાર ૩૫૦ રૂપિયામાં એલઈડી બલ્બ ખરીદતી હતી તેની સામે હવે અમે ૮૫ રૂપિયામાં આની ખરીદી કરી રહ્યા છે જે પારદર્શકતા દર્શાવે છે
- ભારત ચાર પ્રકારની ક્રાંતિ લાવવા ઈચ્છુક છે
- ભારતમાં યુવા શક્તિનો યોગ્ય ઉપયોગ કરાશે